દાદા ભગવાન પરિવારનું
જૂન ૨૦૨૪
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦

# અક્રમ એક્સપ્રેસ



# જીદ

## સંપાદકીય

બાળમિત્રો

બધાને લાઈફના જુદા જુદા સ્ટેજ પર જુદી જુદી વસ્તુઓ જોઈતી હોય છે. બહુ નાના હતા ત્યારે રમકડાઓ જોઈતા હતા. થોડા મોટા થયા એટલે ગૅજેટ્સમાં ઈન્ટરેસ્ટ પડ્યો. પછી શૂઝ, કપડાં, બાઈક વગેરે વગેરે. જેમ જેમ મોટા થઈએ તેમ તેમ આપણું લિસ્ટ બદલાતું જાય.

શું તમે તમારી મનગમતી વસ્તુઓ મેળવવા માટે ક્યારેય જીદ કરી છે ? જીદ કરીને વસ્તુ તો મેળવી લીધી હશે પણ શું એ વસ્તુ કાયમ માટે સુખ આપે છે ? ના ! પણ, આપણી જીદ સામાને દુઃખી ચોક્કસ કરે છે.

આ અંકમાં જાણીએ કે આપણને જે જોઈએ છે એ મેળવવાનો સૌથી સહેલો ઉપાય શું છે ? ક્રીનાની ફ્રેન્ડશિપ તૂટતા તૂટતા કેવી રીતે બચી અને નીનાએ જીદને કેવી રીતે વાળવાનું નક્કી કર્યું. તો ચાલો, જીદ કર્યા વગર વાતને સૉલ્વ કરવાના ઉપાયો સમજીએ.

સાથે સાથે, આલુ-ચીલીની દુનિયામાં જઈને જોઈએ કે સ્કેટિંગ કૉમ્પિટિશનમાં આલુ જીત્યો કે હાર્યો અને ચીલીના સ્વપ્ના પૂરા થયા કે નહીં.

- ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૬, અંક : ૧૦
સળંગ અંક : ૧૯૦
જૂન ૨૦૨૪


.................................


સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ
એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ
ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

**પ્રશ્નકર્તા :** મને કોઈ મનગમતી વસ્તુ ના મળે તો મારાથી જીદ થઈ જાય છે. તો હું શું કરું ?

**પૂજ્યશ્રી :** વસ્તુ હમણાં ને હમણાં જ જોઈએ કે થોડો વખત પછી મળે તો ચાલે ? મમ્મી-પપ્પાને કહી રાખવાનું કે મને આ વસ્તુ બહુ ગમે છે. તમે મને અપાવજો, પછી મમ્મી-પપ્પા પર છોડી દેવાનું. એ લોકો યોગ્ય ટાઈમે લાવી આપશે. આવું કરીશું તો આપણી જીદ ઓછી થઈ જશે. જીદ કરીને મમ્મી-પપ્પા પર ગુસ્સો થઈ ગયો હોય, ખરાબ શબ્દો બોલાઈ ગયા હોય તો એના પ્રતિક્રમણ કરવાના.

**પ્રશ્નકર્તા:** પપ્પા મારું કહેલું ના કરે તો મને ખોટું લાગી જાય. હું કહું ત્યારે મમ્મી મારી ફેવરિટ વસ્તુ ના બનાવે તો હું રિસાઈ જઉં. આવું થઈ જાય ત્યારે હું શું કરું ?

**પૂજ્યશ્રી :** આખી જિંદગી મેં મારા પપ્પા પર થોડું પણ પ્રેશર આવવા નથી દીધું. મને એવું લાગે કે હું માંગીશ અને એમની પાસે નહીં હોય તો એમને કેટલું દુઃખ થશે. એટલે હું કંઈ માંગુ જ નહીં. રિસાવવામાં કંઈ ફાયદો છે ? ધાર્યું ના થયું અને રિસાયા એમાં કોને નુકસાન થયું ? તને ભોગવટો આવ્યો. તારો જ દિવસ બગડ્યો. નક્કી કર કે એડજસ્ટ થવું છે. મમ્મી-પપ્પાને દુઃખ નથી આપવું. મમ્મીને કહી રાખવાનું કે આ ખાવાની મારી ઈચ્છા છે. મમ્મી બે-ત્રણ દિવસમાં બનાવશે જ.

પણ તું કહે કે આજે ને આજે જ, હમણાં ને હમણાં જ બનાવ, તો મમ્મીને કેટલું દુઃખ થાય. મમ્મી-પપ્પા હંમેશાં આપણા સુખ માટે બધું કરતા હોય છે અને ક્યારેક ના કરી શકે તો આપણે એમને દુઃખ આપવાનું ? ક્યારેક આપણે એમને સુખ થાય એવું કરવું જોઈએ કે નહીં ? મમ્મીને કહેવું, 'મમ્મી, ના થયું તારાથી ? કંઈ વાંધો નહીં. બોજો ના રાખીશ.' આવું કહેવાથી મમ્મી કેટલી રાજી થશે.



# મિસ્ટર ઝીરો

નવા શહેરની નવી સ્કૂલમાં ક્રીનાનું ફ્રેન્ડ્સ ગ્રુપ બહુ મોટું નહોતું. હમણાં હમણાં જ એની બે ફ્રેન્ડ્સ બની હતી. ચુલબુલી સમીરા અને મેથ્સ ચેમ્પ બ્રિંદા. ત્રણેવમાં ત્રણ કૉમન ઈન્ટરેસ્ટ હતા. એક હરવું-ફરવું, બીજું ટેસ્ટી ફૂડ અને ત્રીજી બુક્સ. બ્રિંદા અને સમીરાની ફ્રેન્ડશિપના કારણે ક્રીનાને નવું શહેર ગમવા લાગ્યું હતું.

શુક્રવારે પરીક્ષા પછી, બ્રિંદાએ બહુ જ ઉત્સાહપૂર્વક પૂછ્યું, 'આ રવિવારે આપણે બુક ફેર જવું છે ? બધી જ ટાઈપ્સની બુક્સ મળશે. પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ !' સમીરા તો જવા માટે લગભગ તૈયાર થઈ ગઈ પણ ક્રીનાએ તરત જ વાત ફેરવી દીધી, 'આટલી ગરમીમાં બુક ફેર જવાતું હશે ? તને ત્યાં જેટલી બુક્સ જોવા મળશે એનાથી વધારે તો તને મારા ઘરની લાઈબ્રેરીમાં દેખાડી દઈશ. મારા ઘરેથી જોઈએ એટલી બુક્સ લઈ લેજે. પણ આ રવિવારે તો તમારે બેઉએ મારા ઘરે જ આવવાનું છે. બુક્સ વાંચીશું, ગપ્પાં મારીશું અને મસ્ત મજાનું ખાઈશું. પ્લાન નક્કી થઈ ગયો છે. હવે ચેન્જ નહીં થાય.'

બ્રિંદાને થોડી નિરાશા થઈ, પણ એને ક્રીનાનો પ્લાન તરત જ સ્વીકારી લીધો. અને આમ, ત્રણેવનો રવિવાર ક્રીનાના ઘરે મોજ-મસ્તીમાં પસાર થયો.

સોમવારે રિસેસમાં ક્રીનાના ચહેરા પર એક અલગ જ સ્માઈલ હતી.

'અરે, આજે કંઈ સ્પેશિઅલ છે ટિફિનમાં ?' સમીરાએ પૂછ્યું.

'લાગે છે ક્રીનાની સ્માઈલના ગુણાકાર પાછળ કોઈ નવી ફૉર્મ્યુલા છે' બ્રિંદાએ કહ્યું.

'ઓફો, બ્રિંદા ક્યારેક તો તારા ફેવરિટ ગણિતને બાજુએ મૂકીને કંઈક બોલ. વાત એમ છે કે આવતા રવિવારે મારા મમ્મી આપણને ક્લબ હાઉસ લઈ જવાના છે. ત્યાં બહુ જ મજા આવશે.', ક્રીનાના અવાજમાં ઉત્સાહ છલકાતો હતો.

સમીરા અને બ્રિંદા પહેલા ક્યારેય ક્લબ હાઉસ નહોતા ગયા. એટલે એ બેઉ પણ બહુ જ ખુશ થઈ ગયા. ત્રણેવે આખું અઠવાડિયું રવિવારની રાહ જોવામાં કાઢ્યું.

રવિવારે ક્રીનાની મમ્મી સાથે ત્રણેવ ક્લબ હાઉસ પહોંચ્યા. સૌથી પહેલા પુલમાં પડ્યા અને મન ભરીને સ્વિમિંગ કર્યું.

'યાર, મને તો બહુ ભૂખ લાગી ગઈ...' સમીરાએ કહ્યું.

'અરે, ભૂખના રેશિયોનો તો મારા પેટમાં પણ ગુણાકાર થઈ રહ્યો છે.', બ્રિંદા બોલી. પણ ક્રીનાને ભૂખ નહોતી લાગી. એને તો ટેબલ ટેનિસ રમવું હતું.

'અરે, ટેબલ ટેનિસ રમીને થોડી વધારે કસરત કરી લો. એટલે પછી બરાબર ખવાશે.' ક્રીનાએ પોતાની વાત મનાવવાની કોશિશ કરી.

'સારું, તમે લોકો રમો. હવે રમવાની એનર્જી મારામાં નથી. હું તમારી ગેમ જોઈશ.' બ્રિંદાએ કહ્યું.

સમીરાએ કચવાતા મને ક્રીનાની વાત માની. આમ પણ એની પાસે બીજો ઑપ્શન નહોતો. છેવટે, બપોરે બે વાગે જ્યારે ક્રીનાને ભૂખ લાગી, ત્યારે ત્રણેવ ક્લબ હાઉસની રેસ્ટૉરન્ટમાં જમવા ગયા. ક્રીનાએ સમીરા અને બ્રિંદાને પૂછ્યા વગર જ મેક્સિકન ટાકોઝ મંગાવ્યા.

'સૉરી મેમ, ટાકોઝ અત્યારે અવેલેબલ નથી.' વેઈટરે કહ્યું.

ક્રીનાને ગુસ્સો આવી ગયો,'શું ? એવું કેવી રીતે શક્ય છે ?' વેઈટર સાથે બહુ રકઝક થઈ. સમીરા અને બ્રિંદા, ક્રીનાને સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે બીજું કંઈ મંગાવી લઈએ. આમ પણ, એમની ભૂખ એટલી બધી વધી ગઈ હતી કે એવું લાગતું હતું કે પેટમાં ગુડગુડ કરતા ઉંદરડા હમણાં બહાર નીકળી જશે. પણ, ક્રીનાએ એમની વાત ના સાંભળી.

આખરે, ક્રીનાના મમ્મી ત્યાં આવ્યા.

'મમ્મી, મારે અહીં નથી ખાવું. તમે અમને બીજે ક્યાંક ખાવા લઈ જાઓ.' ક્રીનાએ મમ્મીને ગુસ્સામાં કહ્યું.

'ક્રીના, બ્રિંદા અને સમીરાને બહુ ભૂખ લાગી છે. અહીં જે છે એમાંથી કંઈક ઑર્ડર કરી લે.'

મમ્મીએ કડકાઈથી કહ્યું. પણ, ક્રીના મમ્મીની વાત માનવા તૈયાર નહોતી.

છેવટે, મમ્મીએ બ્રિંદા અને સમીરાને પૂછીને ઑર્ડર કરી દીધો.



બધાનું પેટ તો ભરાઈ ગયું પણ આખો દિવસ મન ભારે રહ્યું.

સોમવારે ત્રણેવ સ્કૂલમાં મળ્યા. પણ હવે, બ્રિંદા અને સમીરાને ક્રીનાની આસપાસ ગૂંગળામણ થવા લાગી. એમણે ક્રીનાને કંઈ કહ્યું નહીં પણ એમની ફ્રેન્ડશિપ પહેલા જેવી નહોતી રહી.

એક દિવસ રિસેસમાં ક્રીના હાથમાં કંઈક લઈને આવી. 'ફ્રેન્ડ્સ આ જુઓ, આજ રાતના કાર્ટૂન શોની ટિકિટ્સ. આપણે ત્રણેવ આ શો જોવા જઈએ છીએ.'

'ક્રીના તું અમને પૂછ તો ખરી કે અમને ફાવશે કે નહીં ?' બ્રિંદાએ કહ્યું.

'મારાથી નહીં અવાય. મારે આજે ફેમિલી સાથે બહાર જમવા જવાનું છે.' સમીરાએ અકળાઈને કહ્યું.

'અરે ફેમિલી સાથે આવતા અઠવાડિયે જજે.' ક્રીનાએ હંમેશાંની જેમ આગ્રહ કર્યો.

'આજે મારા મમ્મીનો બર્થ ડે છે.' એમ કહી સમીરા ત્યાંથી ઊઠીને ચાલી ગઈ.

'બ્રિંદા તું ?'

'મારાથી પણ નહીં અવાય, ક્રીના. આવતા અઠવાડિયે પરીક્ષા છે, મારે ભણવું છે.'

એમ કહી બ્રિંદા પણ ત્યાંથી ચાલી ગઈ. ક્રીનાને આંચકો લાગ્યો. એ વિચારવા લાગી કે, ' આ લોકોએ મારી સાથે આવું વર્તન કેમ કર્યું જાણે એ મારાથી કંટાળી ગયા હોય ! હું તો એમને ફરવા લઈ જવાની જ વાત કરી રહી હતી ને ! એમાં ખોટું શું હતું ?!'



એ ત્યાંની ત્યાં જ બેસી રહી. રિસેસ પતી અને બધા ક્લાસમાં પાછા આવ્યા. બ્રિંદા આવીને ક્રીનાની બાજુમાં બેઠી. ફ્રી પિરિઅડ હતો એટલે કોઈ ટીચર નહોતા આવવાના.

ક્રીના બહુ જ ઉદાસ હતી. બ્રિંદાએ એની નોટ બુકમાં એક મોટો ઝીરો દોર્યો અને ક્રીનાને પૂછ્યું, 'તને મિસ્ટર ઝીરોની વાત કહું ?'

'મિસ્ટર ઝીરો ?' ક્રીનાએ પૂછ્યું.

'હા... મિસ્ટર ઝીરો. બહુ જ જીદ્દી. હંમેશાં પોતાની જ વાત પહેલા કરે અને બધાને મનાવે. બધા નંબર્સ કરતાં આગળ ઊભો રહે. એટલે, એની કંઈ વૅલ્યૂ જ ના રહી. ગમે તેવો મોટો નંબર હોય પણ એની આગળ ઝીરો હોય તો એ ઝીરોની કંઈ વૅલ્યૂ હોય ?'

'ના.' ક્રીનાએ ધીમા અવાજે કહ્યું.

'જ્યાં સુધી ઝીરો બધા નંબર્સની આગળ રહેતો અને પોતાની વાત મનાવવા જતો ત્યાં સુધી કોઈ એની વૅલ્યૂ નહોતું કરતું. એ હોય કે ના હોય, કોઈને કંઈ જ ફરક નહોતો પડતો. ઝીરોને બહુ દુઃખ થવા લાગ્યું.



ધીમે ધીમે, એને પોતાની ભૂલ સમજાઈ. એ બધાની પાછળ રહેતા શીખ્યો, બીજાની વાત સ્વીકારતા શીખ્યો અને આમ કરવાથી બધા ફ્રેન્ડ્સ એની વૅલ્યૂ કરવા લાગ્યા. 'એક'ની પાછળ રહ્યો તો બની ગયો 'દસ', દસની પાછળ 'સો' અને 'સો'ની પાછળ 'હજાર'.

'ક્રીના, કોઈને પણ એવું ગમે કે બધા એની વાતની વૅલ્યૂ કરે અને એની વાત માને. પણ જો હંમેશાં એ પોતાની જ વાત આગળ ધરે અને ધાર્યું કરાવે તો એની વૅલ્યૂ પણ મિસ્ટર ઝીરો જેવી થઈ જાય. કોઈ પોતાની વાત આપણી પાસે હંમેશાં મનાવે તો આપણને ગમે ?' બ્રિંદાએ પૂછ્યું.

ક્રીનાએ માથું હલાવીને 'ના' કહ્યું. હવે, એને સમજાયું કે એનાથી શું ભૂલ થઈ ગઈ. પોતાની જીદ પૂરી કરવામાં એને બીજાની લાગણીનું ધ્યાન જ નહોતું રહેતું.

'આઈ એમ સૉરી...' ક્રીનાએ કહ્યું.

બ્રિંદા ક્રીનાને ભેટી પડી. 'ઈટ્સ ઓકે.'

લાસ્ટ બેંચમાં બેઠેલી સમીરા આ બધું જોઈ રહી હતી. એ હળવેથી ક્રીના અને બ્રિંદાની વચ્ચે આવીને બેસી ગઈ. ક્રીનાએ સમીરાને પણ 'સૉરી' કહ્યું. ત્યાં તો અચાનક એક ટીચર ક્લાસમાં આવ્યા અને પૂછ્યું, 'આજે ગણિતના ટીચર ઍબ્સન્ટ છે.'

'હા, એટલે જ તો અમે લાઈફનું ગણિત શીખી રહ્યા છીએ !' ક્રીનાએ ધીમા અવાજે કહ્યું.

અને ત્રણેવ હસી પડ્યા.



# આ તો

મમ્મી જો એક વાર જીદ કરે કે તું મોડી ઊઠી છે તો તને દૂધ નહીં આપું, ખાવાનું નહીં આપું તો ચાલે ? આપણે મોડા ઊઠીએ તો પણ મમ્મી બધું આપે છે ને ? એટલે સમજવાનું કે જીદ એ ઊંધો રસ્તો છે.





ગોટાળાવાળી વસ્તુ માટે જીદ થઈ જાય એટલે સારી વસ્તુ મળવાની બાકી રહી જાય.

દા.ત. : બહુ જ જીદ કરીને વિડિયો ગેમ ખરીદી હોય અને પછી ફુટ બોલ ટીમમાં ભાગ લેવા માટે પેરેન્ટ્સ શૂઝ ટાઈમ પર ના ખરીદી શકે ત્યારે આપણું જ નુકસાન થાય.


# નવી જ વાત !







સાચા દિલની ભાવના હશે તો વહેલી-મોડી (વસ્તુ) પ્રાપ્ત થશે. દા.ત. : જો નવી સાઈકલ જોઈતી હોય તો મમ્મી-પપ્પાને કહી રાખવાનું કે મને અપાવજો. પછી જ્યારે સગવડ થશે ત્યારે તેઓ ચોક્કસ અપાવશે.



તું જીદ નહીં કરે અને વસ્તુ નહીં માગે, તો મમ્મી-પપ્પા તને સામેથી ઑફર કરશે.

# AALOO CHILLY

મને ઘણી વાર ખબર નથી પડતી કે આલુ મારો ફ્રેન્ડ છે કે દુશ્મન ! મેં એના માટે આટલા સારા બૅનર બનાવ્યા ને એણે બધા જ રિજૅક્ટ કરી દીધા. અને સાથે સાથે મને રિંગ પર ઊડવાની પણ ના પાડી દીધી.

આલુ મને કહે, 'ચીલી, આ બૅનરથી કુલ્ફીને ખરાબ લાગશે. અને તું બૅનર લઈને ઊડીશ તો મારું ધ્યાન સ્કૅટિંગ પર નહીં રહે.'

અરે, કુલ્ફીને ખરાબ લગાડવા જ તો મેં બૅનર બનાવ્યું હતું. કંઈ નહીં. ઊડાય નહીં તો શું, સ્ટેન્ડમાં બૅનર લઈને ઊભા તો રહેવાય ને ! પણ, જ્યારે મેં અને પાર્સલીએ સ્ટેન્ડમાં ઊભા રહીને બૅનર પકડ્યું ત્યારે જીફ્ફી અને થીઓ અમારી આગળ આવીને ઊભા રહી ગયા.




અને થોડીવારમાં પાર્સલી પણ એમની સાથે આ બૉરિંગ નારા રિપીટ કરવા લાગ્યો. બધા બહુ ખુશ હતા કારણ કે જેટલી વાર આલુ અમારી પાસેથી પાસ થતો, એટલી વાર બધાને એક મોટી સ્માઈલ આપતો જતો. આમ તો આલુએ બધા સામે જોવાની જરૂર નહોતી. એનો સહુથી મોટો સપૉર્ટર તો હું જ હતો ને !

બધી વાતો બાજુમાં. આલુએ શું સુપર્બ સ્કૅટિંગ કર્યું છે ! એ એકેય વાર પણ ના પડ્યો. અમારી લેટ નાઈટ પ્રેક્ટિસ અને મારા પ્રોત્સાહન આપતા શબ્દો પછી આલુનું જીતવાનું તો નક્કી જ હતું ! મને લાગે છે કુલ્ફી તો આલુની સ્પીડથી બે-ત્રણ વાર રિંગના દોરડે ભટકાઈ ગયો હતો.



અને પછી વારો આવ્યો આલુની વિનિંગ સ્પીચનો. મને ખાતરી હતી કે અત્યાર સુધી ભલે આલુની સફળતા પાછળનું કારણ કોઈને ના ખબર હોય પણ હવે તો બધાને મારી મહેનત દેખાશે જ. પણ... આલુએ કહ્યું. 'થેન્ક યૂ, કુલ્ફી અને મોમો. તમે હારી ગયા એટલે હું જીત્યો.'

'તમે હાર્યા એટલે હું જીત્યો ?' જો ખરાબ સ્પીચની કોઈ કૉમ્પિટિશન હોત તો આલુ એમાં પાક્કું જીતી જાત. આલુએ રડી રડીને બધા નાના પ્રાણીઓ માટે ઉનાળામાં ચોમાસુ લાવી દીધું. અને એને રડતો જોઈને જીફ્ફી અને થીઓ પણ રડવા લાગ્યા. આ ગ્રુપ રુદનમાં આલુ મારા વિશે તો કંઈ બોલ્યો જ નહીં. પણ વાંધો નહીં. પાર્ટી તો હજુ બાકી છે.





નીના, ધ બટરફ્લાઈ
નીના અને જોજો ફ્લાયલૅન્ડમાં એમના મમ્મી સાથે રહેતા હતા. એક સવારે,
સ્માઈલ ? ફરી એ જ સપનું જોયું, નીના ?
હા ! ગરીબ નાનકડા બટરફ્લાય માટે 'Nina's Honey Cafe' બનાવીશ જેમાં ફ્રી 'હની ડ્રિંક્સ' હશે, બુક્સ હશે... પછી...
હા, હા એ બધું કરજે પણ પહેલા મારું કામ કરો, હની લઈ આવો.
રાત્રે જમતી વખતે.
તમે હની કેક ના બનાવી ? અમે તો સવારે જ હની લઈ આવ્યા હતા ને !
બેટા, આજે મને ટાઈમ ના મળ્યો ! કાલે ચોક્કસ બનાવી આપીશ.
ના, મારે તો આજે જ ખાવી છે.
અત્યારે કેવી રીતે બનશે ? કાલે બનાવી આપીશ.



તો હું નહીં જમું. મને જે જ્યારે જોઈએ તે ત્યારે જ જોઈએ.
નીના રિસાઈને રૂમમાં જતી રહી. જોજો જમીને રૂમમાં ગયો.
જા નીની, જમી લે. મમ્મીએ બહુ ટેસ્ટી હની વૉલ્નટ બ્રેડ અને રેન્બો સૂપ બનાવ્યા છે.
ના !
તારું જ નુકસાન થશે. તારે આખી રાત ભૂખ્યા રહેવું પડશે અને તું આટલું મસ્ત ખાવાનું પણ ગુમાવીશ. જા, જમી લે !!
પણ, નીના ના માની.બીજા દિવસે મમ્મીએ ફરી નીના અને જોજોને હની લેવા મોકલ્યા.
નીની, ચાલને ડેઝીલૅન્ડ જઈએ ! એટલું મસ્ત હની મળશે કે તારી કેક પણ ટેસ્ટી ટેસ્ટી બનશે.
ઓકે ! પણ જલદી પાછા આવવું પડશે. મારે સાંજના 'મ્યુઝિક એન્ડ લાઈટ' શોની એક સેકન્ડ પણ મિસ નથી કરવી.
ડેઝીલૅન્ડમાં...
ઓહ વાઉ જોજો ! ત્યાં જો... કેટલા મસ્ત ફ્લાવર્સ છે. ત્યાંથી બહુ બધું હની મળશે.


પણ ત્યાં નહીં જવાય. ત્યાં તો વાડ બાંધેલી છે. બૉર્ડ પર લખ્યું છે કે અંદર જવાની મનાઈ છે.
અરે, કોઈને ખબર નહીં પડે. ચલને, ફટાફટ જઈ આવીએ.
નીના જોજોને જબરજસ્તી અંદર લઈ ગઈ. એ લોકો બૉટલમાં હની ભરતા હતા ત્યાં...
કોણ છો તમે ? કોને પૂછીને હની લીધું ?
સૉરી, સૉરી... અમને એમ કે...
હવે તમારું કોઈ 'સૉરી' નહીં ચાલે. તમને સજા મળશે.
ફ્લાવર્સને પાણી છાંટી દો, ગાર્ડનમાં બિયા વાવી દો અને બૉટલ મધ ભરીને મને આપી દો.



મૅડમ આજે અમારે એક 'મ્યુઝિક એન્ડ લાઈટ' શો જોવા જવું છે. અમે થોડું કામ આજે અને થોડું કામ કાલે કરીએ તો ચાલશે ?
ના ! બધું આજે જ પતવું જોઈએ. મને જે જ્યારે જોઈએ તે ત્યારે જ જોઈએ.
પોતાના જ કહેલા શબ્દો જ્યારે નીનાએ બીજા પાસેથી સાંભળ્યા ત્યારે એને ખૂબ જ દુઃખ થયું.
નીના અને જોજોનું કામ પત્યું ત્યારે રાત પડી ગઈ હતી.
સૉરી જોજો, મારા કારણે તારો શો પણ મિસ થયો.
એટલે ?
જો તું સાચે જ 'સૉરી' હોય તો હવેથી ખોટી વાતની જીદ કરવા કરતાં સાચી વાત માટે દિલથી કામ કરીશ ?
એટલે એમ કે, જીદ કરવાની તારી બધી જ એનર્જી તું 'Nina's Honey Cafe' બનાવવા માટે વાપરીશ ?
પાક્કું !

# ચાલો રમીએ...

**1)** અહીં આપેલા એક સરખા ચિત્રમાં ૧૦ તફાવત છે એ શોધો.





**2)** નીચે આપેલા ચિત્રમા ૧ થી ૧૦ નંબર છુપાયેલા છે એ શોધો અને રાઉન્ડ કરો.



# મૅજિક પૅન

અનન્યાની બર્થ ડે પાર્ટી નજીક આવી રહી હતી. બે-ત્રણ દિવસ પહેલા અનન્યાએ મમ્મીને પૂછ્યું, 'મમ્મી, તમે પાર્ટીમાં પિઝા બનાવશો ? મને પિઝા ખાવાનું બહુ મન થયું છે.' મમ્મીએ અનન્યાને કહ્યું. 'બેટા, આટલા બધા લોકોના પિઝા બનતા બહુ વાર લાગશે. હું તને વીક એન્ડમાં પિઝા બનાવી આપીશ. આપણે પાર્ટીમાં મેક્સિકન ફૂડ રાખીશું.' અનન્યા મમ્મીની વાત માની ગઈ.

બર્થ ડેના દિવસે સવારે, અનન્યાએ મમ્મી-પપ્પાએ આપેલી ગિફ્ટનું બૉક્સ ખોલ્યું. એને વિશ્વાસ હતો કે અંદરથી ઘડિયાળ નીકળશે. પણ જ્યારે, ઘડિયાળની જગ્યાએ બ્રેસ્લેટ નીકળ્યું ત્યારે અનન્યા બહુ જ ગુસ્સે થઈ ગઈ.

'મારે ઘડિયાળ જોઈતી હતી ! તમને લોકોને તો મારી કંઈ પડી જ નથી !' અનન્યા રિસાઈને રૂમમાં જતી રહી. મમ્મી-પપ્પાએ ઘડિયાળ અપાવવાનું પ્રૉમિસ આપ્યું ત્યારે એ રૂમમાંથી બહાર આવી.

અનન્યાએ પાર્ટીમાં બધાને રેડ કપડાં પહેરીને આવવાનું કહ્યું હતું. સાનવીના પિંક કપડાં જોઈને અનન્યાએ એને કપડાં બદલવાનો આગ્રહ કર્યો,'સાનવી, મારા ફોટોસ ખરાબ થઈ જશે. તું મારું રેડ ફ્રૉક પહેરી લે.'

સાંજે કેક કટિંગના સમયે મમ્મીએ કહ્યું,'આપણે બધા પહેલા જમી લઈએ, છેલ્લે કેક કટ કરીશું. કેકનો ડિલિવરી બૉય ટ્રાફિકમાં ફસાઈ ગયો છે.'

'ના, હું કેક કટ કર્યા વગર નહીં જમું.' અનન્યાએ જીદ કરી.

*જો તમારી પાસે એક મૅજિક પૅન હોય જેનાથી તમે ત્રણ પ્રસંગ બદલીને ફરીથી લખી શકો, તો તમે કયા પ્રસંગો બદલી કાઢો અને કેવી રીતે ? પ્રસંગને અન્ડરલાઈન કરીને ફરી એ પ્રસંગ નવેસરથી લખીને અમને આ નંબર પર મોકલો- ૯૩૧૩૬૬૫૫૬૨.*

# મીઠી યાદેં



‘ક્યાં છે ?
મને કામ છે તારું,
આવ મારી પાસે’

આ શબ્દો યાદ આવે છે અને આજે પણ મારા ચહેરા પર સ્માઈલ આવી જાય છે. બપોરનો દોઢેક વાગ્યો હતો. હું જમીને બહાર નીકળ્યો અને ફોનની ઘંટડી વાગી. નીરુમા હતા. એમણે મને વાત્સલ્યમાં બોલાવ્યો.

હું ત્યાં પહોંચ્યો ત્યારે નીરુમા અને પૂજ્યશ્રી જમી રહ્યા હતા. નીરુમાએ મને કહ્યું, ‘બેસ ચૂપચાપ. હું આવું છું.’ નીરુમા જ્યારે મારી સાથે આમ લાડથી વાતો કરે ત્યારે મને બહુ જ વહાલું લાગે.



એમનું જમવાનું પત્યું એટલે નીરુમાએ મને ડાઈનિંગ ટેબલ પર એમની જ જગ્યાએ બેસાડ્યો. ત્યાં મારા માટે થાળી મૂકાવી. વાત્સલ્યમાં તે દિવસે સ્પેશિઅલ ભોજન હતું. દૂધપાક, ભજિયાં વગેરે. પછી, એક બાજુ નીરુમાએ મને પીરસવાનું શરૂ કર્યું અને બીજી બાજુ પૂજ્યશ્રીએ. હું તો જમીને ગયો હતો પણ આવો અવસર કેવી રીતે છોડાય ?! મને થયું, ‘જો હોતા હૈ હોને દો, આને દો ઔર ખાને દો.’ નીરુમા અને પૂજ્યશ્રીએ મને પ્રેમથી જમાડ્યો.

તે દિવસોમાં, ફક્ત જ્ઞાનની વાતોથી કદાચ હું દાદાના સત્સંગમાં ના વળ્યો હોત. એટલે જ્ઞાનની સાથે સાથે એમણે મને પ્રેમનું પણ પીરસણ કર્યું. આજે આ પ્રસંગ યાદ કરું છું તો થાય કે લાઈફમાં કોઈ પણ વાત માટે દુઃખી થવાનું રહ્યું છે જ ક્યાં ! નીરુમા અને પૂજ્યશ્રીનો એવો પ્રેમ મળ્યો છે કે આ એક જન્મ તો શું, દાદા માટે તો આવા કેટલાય જન્મો કુરબાન છે !

**Akram Express**

**June 2024**
**Year : 16, Issue : 10**
**Conti. Issue No.: 190**

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month














## ૪ થી ૧૨ વર્ષના બાળકો માટે યોજાયેલ સમર કેમ્પની ઝલક...



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhatral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*